સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત

પ્રાંતિજ સહિત તાલુકામાં ચાર કોરોના પોઝીટીવ કેસો નોધાયા : ત્રણ મહિલા સહિત એક પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો : પ્રાંતિજ બે અને પ્રાંતિજના સોનાસણ-તખતગઢમાં એક-એક કોરોના પોઝીટીવ કેસ નોધાયા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં આજે વધુ ચાર કોરોના પોઝીટીવ કેસ નોંધાયા જેમાં પ્રાંતિજમાં બે અને પ્રાંતિજના સોનાસણ-તખતગઢમાં એક-એક કોરો પોઝીટીવ કેસો નોધાતા તંત્ર દોડતુ થયું હતું. જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસોમાં પ્રાંતિજ અગ્રેસર. કોરોનાના કેસોમાં દિવસેને દિવસે સતત વધારો થયો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ ઉપર કોરોનાનું વધુ પ્રભુત્વ જોવા મળ્યું છે અને રોજના એકલ દોકલ કેસોમાં વધારો થતો જોવા મળે છે. ત્યારે આજે જિલ્લામાં કેસો નોધાતા પ્રાંતિજમાં બે અને તાલુકામાં બે કેસો નોધાયા છે. પ્રાંતિજ સહિત તાલુકામાં ત્રણ મહિલાઓ તથા એક પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો જેમાં સ્થાનિકતંત્ર સહિત જિલ્લા આરોગ્યતંત્ર દોડતુ થયું છે. પ્રાંતિજના નાની ભાગોળ ખત્રીવાસ ખાતે ૫૫ વર્ષીય મહિલા મોદી તરલાબેન જશવંતભાઈનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. પ્રાંતિજ કુંભારવાસ ખાતે રહેતા ૫૨ વર્ષીય પુરૂષ કડીયા વિનોદચંદ્ર જયંતિભાઈનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો. પ્રાંતિજ તાલુકાના તખતગઢ ખાતે પણ ૬૦ વર્ષીય મહિલા તારાબેન ચંદુભાઈ પટેલનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે પણ ૬૦ વર્ષીય મહિલા શારદાબેન બાબુજી ચૌહાણનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા જેમાં સમગ્ર જિલ્લામાં પ્રાંતિજમાં વધુ કેસો નોધાતા પ્રાંતિજનગરજનોની ચિંતા પણ વધી છે. હાલ તો કેસો નોધાતા ક્યાકને ક્યાક તંત્રની નિષ્ક્રિયતા હોય તેવું જોવા મળે છે. આરોગ્યતંત્ર રાત દિવસ એક કરી પોતાની જવાબદારી બજાવે છે પણ હાલ આટલા બધા કેસો એકી સાથે એકદમ એક પછી એક મળી આવવા છતાં હાલ તો જાણે જવાબદાર તંત્રનું પેટનું પાણી પણ હલતું નથી અને દિવસ દરમિયાન આખો દિવસ બજારોમાં ઠેરઠેર સોશીયલ ડિસ્ટનના ધજાગરા જોવા મળે છે કે તંત્રની બીક ના હોવાથી પ્રાંતિજમાં ઠેરઠેર લોકો જયાં ત્યાં મસાલા ખાઈને થુંકતા અને માસ્ક વગર ફરે છે. હજુ કેસો વધશે અને નાનીભાગોળ સહિતના વિસ્તારોમાં ઘરે ઘરે તાવ વાયરસનું પ્રમાણ વધ્યું છે. ખરેખર પ્રાંતિજમાં હવે લોકડાઉનની જરૂર છે ત્યારે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરી પ્રાંતિજમાં લોકડાઉન કે વેપાર ધંધામાં સમય એક વાગ્યા સુધી કરવો જોઈએ તો સંક્રમણ ઓછું થશે નહીં તો પછી તબેલે ઢોળ છુટી જશે ને પછી તાળાં મારવા જશે તેનો કોઈ અર્થ નહી રહે ત્યારે તંત્રએ હવે જાગવાનો સમય આવી ગયો છે.

અરવલ્લીમાં લોકડાઉનથી આધારકાર્ડ કાઢવાનું બંધ તો કરાયું પણ દસ્તાવેજ ધૂળ ખાય છે...

કલેકટર કચેરીમાં આધારકાર્ડના દસ્તાવેજો ખુલ્લામાં ધૂળ ખાઈ રહ્યા છે

અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી ખાતે અલગ ટેબલ આપી



કચેરીમાં લોકડાઉનથી જ આધારકાર્ડની કામગીરી બંધ કરવામાં આવી છે. ત્યારે કલેકટર કચેરીમાં આધારકાર્ડની કામગીરીના દસ્તાવેજી પુરાવા ખુલ્લામાં ધૂળ ખાતા નજરે પડયા હતા. આધાર રીસિપ્ટમાં અરજદારોના નામ, નોંધણી નંબર સહિતની માહિતી જોવા મળી હતી. આધારનું કામ કરતી જે તે એજન્સીની ઘરો બેદરકારીના પુરાવા સામે આવતાં જિલ્લા વહીવટીતંત્રની પોલ ખુલી ગઈ હતી.

અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં આધારકાર્ડ કાઢવાની કામગીરી માટે કલેકટર જયારથી લોકડાઉન આપવામાં આવ્યું ત્યારથી આધારકાર્ડની કામગીરી બંધ કરાઈ હતી. પરંતુ કલેકટર કચેરીમાં આધારકાર્ડના દસ્તાવેજી પુરાવા ખુલ્લામાં ધૂળ ખાતા જોવા મળ્યા હતા. આધારનું કામ કરતી એજન્સીની બેદરકારીથી લોકોની આધાર રીસિપ્ટમાં અરજદારોના નામ, નોંધણી નંબર સહિતની માહિતના કાગળ ખુલ્લામાં



જિલ્લામાં આધારકાર્ડની કામગીરી જે તે એજન્સીને સોંપાઈ હતી. પરંતુ હાલ કોરોનાની મહામારીને લઈ ટેબલ ઉપર પડી રહેતા વહીવટીતંત્રની વધુ એક બેદરકારી સામે આવી હતી.

પ્રાંતિજના રાસલોડ હનુમાન મંદિર ખાતે યોજાનાર ગુરૂપૂર્ણિમા મહોત્સવ મોકુફ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રાસલોડ ખાતે આવેલ શ્રી કષ્ટ ભંજન હનુમાન મંદિર આશ્રમ ખાતે આ વર્ષે ગુરૂપૂર્ણિમા યોજાનાર ગુરૂપૂર્ણિમા મહોત્સવ મોકુફ રાખ્યો છે જેની તમામ ભકતોને વિવિધ માધ્યમો દ્વારા વાંકેફ કરવામાં આવ્યા છે. દરેક ભકતોએ પોતાના જ ઘરે જ પૂજય સીયારામ બાપાની સમાધિના દર્શન માટે હજારોની સંખ્યામાં ભકતો આવતા હોય છે અને મંદિરમાં દર વર્ષે હવન પણ યોજાય છે અને મોટો ભંડારો પણ ભરાય

મહોત્સવ કોરોનાના ગ્રહણને લઈને મોકુફ રાખવામાં આવેલ છે. મંદિરના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી દ્વારા ભકતોને વિવિધ માધ્યમો દ્વારા જાણકારી આપવામાં આવે છે.

હાલ કોરોનાનો કહેર યથાવત હોઈ પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે આવેલ શ્રી કષ્ટ ભંજન હનુમાન મંદિરના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી દ્વારા તા. ૫-૭-૨૦૨૦ના રોજ આશ્રમ ખાતે ૧૦૦૮ મોહનદાસજી મહારાજ જય સીયારામ બાપા તથા હનુમાનજી મહારાજનું પૂજન ઘરે જ કરવા ભકતોને જણાવવામાં આવ્યું છે, ત્યારે ગુરૂપૂર્ણિમા મહોત્સવના દિવસે અમદાવાદ, મુંબઈ, વડોદરા, સુરત, ગાંધીનગર, મહેસાણા સહિત જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં શ્રી કષ્ટ ભંજન હનુમાનદાદા તથા પુજય ૧૦૦૮ મોહનદાસજી મહારાજ જય છે પણ આ વર્ષે કોરોનાની મહામારીને લઈને મંદિરના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી દ્વારા ભકતો તથા મંદિરમાં આવતા લોકોની તથા લોકહિત અને સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ આ નિર્ણય લેવામાં આવ્યો છે તેવુ મંદિરના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

જુનાડીસામાં કોરોનાનો પ્રવેશ છતાં સાવચેતીના નામે 'શૂન્ય'

ડીસા તાલુકાના શિક્ષિત અને સૌથી મોટા જુનાડીસા ગામે કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો છે. તેમ છતાં સ્થાનિકતંત્રની નિષ્કાળજીને લઈ સાવચેતીનો સદંતર અભાવ વર્તાય છે. જેના કારણે કોરોનાનું સંક્રમણ વધવાની સંભાવના છે.

ઐતિહાસિક જુનાડીસા નગરની જનતાની સ્વયંભૂ જાગૃતિના કારણે લોક ડાઉનમાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો ન હતો. પરંતુ અનલોકમાં મળેલી છૂટ ગામ માટે અનલકી પુરવાર થઈ છે. કારણ લોકો બેફિકર બની સરકારી ગાઈડલાઈનનું પાલન ન કરતા ગત રવિવારે ગામની એક ૫૮ વર્ષીય મહિલા કોરોના પોઝિટિવની ઝપટમાં આવી ગઈ છે. તેમ છતાં મહિલાના એકમાત્ર ઘરને કોરોન્ટાઈન કરીને સ્થાનિક પંચાયત, પોલીસ અને આરોગ્યતંત્રે સંતોષ માની લીધો છે. અન્ય કોઈ સાવચેતીના પગલાં ન લેવાતા ગામમાં આજે પણ લોકોના ટોળેટોળા જોવા મળે છે. સોશ્યલ ડિસ્ટન્સ તો દૂર લોકો માસ્ક પહેરવાની પણ તસ્દી લેતા નથી. સેનેટાઈઝ, દવા છંટકાવ કે સફાઈ પણ થતી નથી અને રાત્રી કરફ્યુનું પણ પાલન થતું નથી. આ બધાથી અજાણ નજીકના ગામડાની પ્રજા ખરીદી અર્થે ઉમટી પડે છે જેના કારણે કોરોનાનું સંક્રમણ વધવાની પૂરેપૂરી શકયતા છે જેને લઈ ગામની શિક્ષિત અને શાણી પ્રજામાં ભયનો માહોલ છવાયો છે. આ બાબતે જવાબદારતંત્ર સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

અરવલ્લી જિલ્લા પ્રજાપતિ સમાજનું ગૌરવ

મોડાસા તાલુકાના સાયરા ગામના વતની જીવાભાઈ પુંજાભાઈ પ્રજાપતિના પુત્ર ચેતનકુમાર જીવાભાઈ પ્રજાપતિ હાલમાં સુરત જિલ્લામા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં જિલ્લા સંઘમા ઉપપ્રમુખ પદે બિનહરીફ વરણી થતાં સાયરા ગામ તેમજ સમગ્ર અરવલ્લી જિલ્લા પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

મોડાસાના માલપુર રોડ પર પંડ્યા વાસની નજીક ખુલ્લી ગટરથી રોગચાળાની ભીતી

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ પંડ્યાવાસ વિસ્તારમાં જાહેર રોડને અડીને આવેલ ખુલ્લી ગટરને લીધે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયુ છે જેને લીધે આ વિસ્તારમાં રોગચાળો વકરવાની પૂરેપૂરી શક્યતાઓ છે. મોડાસા શહેરમાં હાલના સમયે ઠેર ઠેર ગટર સફાઈની કામગીરી હાથ ધરાઈ છે જેમાં કેટલીક જગ્યાએ તો ગટરના ઢાંકણ પણ ફીનીસિંગ વગર ગોઠવી દેવાયા છે જેને લીધે વાહનચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શહેરના માલપુર રોડ પર આવેલ પંડ્યાવાસ નજીક રોડને અડીને જાહેર માર્ગ પર જ આવેલી ખુલ્લી ગટર તંત્રને દેખાતી નથી. રોડ પરથી પસાર થતાં લોકો આ ખુલ્લી ગટરની દુર્ગંધને લીધે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

સમગ્ર વિશ્વ આજે કોરોના મહામારીમાં સપડાઈ ગયું છે અને દિવસે દિવસે મોડાસા શહેરમાં પણ કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે હાલમા પંડ્યાવાસ

નજીકની ખુલ્લી ગટર ઢોરો તથા નાના બાળકો અને વૃદ્ધો માટે જોખમરૂપ બનેલી છે. તાજેતરમાં નાલંદા સોસાયટી આગળની ખુલ્લી ગટરમાં ગાય ખાબકતા ભારે જહેમતપૂર્વક બહાર કાઢી હતી. નગરમાં જાહેર માર્ગો પર ખુલ્લી ગટરો જોખમરૂપ બનેલ છે જેને તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે અને ગટરોમાંની ગંદકી દૂર કરવામાં આવે તેવી નગરજનોની માંગ છે.

અરવલ્લીમાં ચોમાસા પૂર્વે ૨.૭૦ લાખથી વધુ પશુઓનું રસીકરણ કરાયું

અરવલ્લીમાં પશુપાલન એ પૂર્ણ સમયના વ્યવસાય તરીકે વિકાસ પામ્યો છે ત્યારે પશુઓની સાર-સંભાળની સાથે તેના સમયાંતરે રસીકરણ કરી તેમના આરોગ્યની માવજત પશુપાલકો દ્વારા કરવામાં આવી રહી છે.

જિલ્લામાં ખેતીની સાથે પશુપાલનનો વ્યયસાયનો પણ વિકાસ થઈ રહ્યો છે અને પશુપાલન થકી જ આર્થિક ઉપાર્જન કરી રહ્યા છે. પશુપાલકોની આવકમાં વધારો કરવા પશુઓ સ્વસ્થ્ય હોવા જરૂરી છે. જેને લઈ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પશુરોગચાળા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત પશુઓને રોગચાળાથી બચાવવા તેમની આવકના મુખ્ય સ્રોત સમાન પશુઓને ચોમાસા સિઝન પૂર્વે રોગચાળાથી બચાવવા ખરવા-મોવાસા રોગને નાબૂદ કરવા સઘન રસીકરણ હાથ ધરાયું છે જેમાં અરવલ્લીના ૨,૭૩,૦૧૫ પશુઓને સઘન રસીકરણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

મેઘરજના ખેરાઈ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશનનો પ્રારંભ

ગ્રામ્ય વિસ્તારોમાં વિજપુરવઠાની માંગ સતત વધારો થઈ રહ્યો છે ત્યારે મેઘરજના ખેરાઈ ગામે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠાની માંગને પહોંચી વળવા હિંમતનગર વર્તુળ કચેરીના અધિ. ઈજનેર પી.સી. શાહના હસ્તે ૬૬ કેવી સબસ્ટેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોડાસા યુજીવીસીએલ કચેરીના કાર્યપાલક એ.પી. પટેલ અને ટીટોઈ ડિવિઝનના વીજ અધિકારી બી.વી. ફેરા સહીત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેરાઈ ગામે ૬૬ કીવી સબસ્ટેશનનો પ્રારંભ કરવામાં આવતા આજુબાજુના ૫૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારના લોકોને ફાયદો થતા લોકોમાં આનંદ છવાયો હતો.

દોલપુરના દિવ્યાંગ સામાજિક કાર્યકર બન્યા કોરોના વોરિયર્સ જાતે માસ્ક બનાવી કરે છે વિતરણ

કોરોનાને લઈ સૌ કોઈ પોત પોતાનું યોગદાન આપી રહ્યા છે ત્યારે ધનસુરા તાલુકાના દોલપુરના દિવ્યાંગ સામાજિક કાર્યકર પુષ્પાબેન પટેલ કોરોના વોરિયર્સ તરીકે પોતાની કામગીરી કરી રહ્યા છે. તેઓ જાતે માસ્ક બનાવી આ માસ્કનું વિતરણ ઘરે-ઘરે જઈ કરી રહ્યા છે. તેમણે અત્યાર સુધી ૩૦૦૦ જેટલા માસ્ક બનાવ્યા છે અને દોલપુર તેમજ ભેંસાવાડા ગામમાં આ

માસ્કનું વિતરણ કર્યું હતું. જેને લઈને તેમના આ કાર્યની સૌ કોઈએ સરાહના કરી હતી. પુષ્પાબેને બનાવેલા માસ્કનું વિતરણ પુષ્પાબેન પટેલ સરપંચ અંબાબેન દેસાઈ અને નટુભાઈ દેસાઈએ ગામમાં કર્યું હતું. સૌ કોઈ કોરોનામાં પોતપોતાનું યોગદાન આપી રહ્યા છે ત્યારે એક દિવ્યાંગ અને સામાજિક કાર્યકર પુષ્પાબેન પટેલ સૌ કોઈના માટે ઉદાહરણરુપ કાર્ય કરી રહ્યા છે.

લ્યો, હવે પાણીપુરીનું ATM મશીન પણ આવી ગયું

બનાસકાંઠાના યુવાને લોકડાઉનનો સદુપયોગ કર્યો

શૈક્ષણિક રીતે પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લામાં પણ કાબેલિયત ઠાંસી ઠાંસીને ભરેલ હોવાની પ્રતીતિ કરાવતી વધુ એક ઘટના સામે આવી છે. બનાસકાંઠાના એક કારીગરે પાણી પુરી માટે પણ સ્વયંસંચાલિત એટીએમ મશીનની શોધ કરી બનાસકાંઠાની કાબેલિયત પુરવાર કરી બતાવી છે.

કોરોના સંકટના પગલે ઘર બહાર નીકળવું જોખમી બની જતા રોજ બહારનું ખાવા ટેવાયેલા લોકો હવે ખૂબ અકળામણ અનુભવી રહ્યા છે. ખાસ કરીને રોજ સાંજે પાણી પુરી ખાવા નીકળી પડતી બહેનો પણ ત્રણ મહિનાથી પાણીપુરી ખાવા તલસી રહી છે.જોકે હવે કોરોના ક્યારે જાય એ નક્કી નથી અને કોરોનાના કહેર વચ્ચે પાણીપુરી ખાવામાં પણ સોશ્યલ ડિસ્ટન્સ ના જળવાય તો જોખમી બની શકે તેમ હોઈ કદાચ પાણીપુરીનું વેચાણ ચાલુ થઈ જાય તો પણ બહેનો કે ભાઈઓ કોઈ જોખમ ખેડવા તૈયાર થાય એમ નથી. જોકે બનાસકાંઠાના એક કારીગરે આ મુશ્કેલીનું નિવારણ શોધી લીધું છે. બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના રવીયાણા ગામના વતની અને માત્ર ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ ધરાવતા એક કારીગરે પોતાનો કસબ અજમાવી પાણીપુરીનું એટીએમ મશીન જ બનાવી દીધું છે. ભરતભાઈ ભીખાભાઈ પ્રજાપતિ નામક ૩૨ વર્ષીય કારીગર યુવકે બનાવેલા આ સ્વયં સંચાલિત મશીનમાં પૈસા નાખો એટલે એટીએમની જેમ પૈસાના બદલે પાણીપુરી મળે છે. વળી, એક પાણીપુરી ખવાઈ જાય તે પછી જ બીજી પાણીપુરી મળે છે. બનાસકાંઠાના કારીગરે અલગ અલગ નકામી વસ્તુઓનો ઉપયોગ કરી તૈયાર કરેલા પાણીપુરીના એટીએમ મશીનનો વિડિઓ વાયરલ થતા ઘણા હોશિયાર લોકો પણ માથું ખંજવાળતા થઈ ગયા છે.

પાણીપુરીનું એટીએમ બનાવનાર કારીગર ભરતભાઈ પ્રજાપતિએ પોતાની આ નવી શોધ પર વિસ્તૃત પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે આ મશીન છ મહિનાની મહેનત બાદ તૈયાર થયું છે. ગુરુપૂર્ણિમાના દિવસે આ મશીનનું ઉદ્ઘાટન કરવાની તૈયારીઓ કરી રહેલા ભરતભાઈ પ્રજાપતિએ માંગ મુજબ મશીન તૈયાર કરવાની તત્પરતા પણ વ્યક્ત કરી હતી.

જાયન્ટસ મોડાસા જરૂરિયાતમંદોની સાથે

૧૦ પરિવારોને ચોમાસામાં છત્રી, તાડપત્રીનું રક્ષણ આપ્યું

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા રેલવેના મેદાનમાં છેલ્લા કેટલાક વર્ષોથી ૧૦ જેટલા શ્રમજીવી પરિવાર ઝુંપડપટ્ટી બનાવી

વસવાટ કરી રહ્યા છે.

ચોમાસાની ઋતુમાં ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતા પરિવારોની વરસાદ શરૂ થતાની સાથે દયનિય હાલત બને છે અને નજીકમાં આવેલ કોમ્પ્લેક્ષ બહાર આશરો મેળવવા મજબુર બનવું પડે છે. ત્યારે મોડાસા જાયન્ટ્સ પરિવારે ઉપર આભ અને નીચે જમીન પણ પોતાની નથી અને ઘાસ કે તૂટીફૂટી તાડપત્રીનું ખોરડું બનાવી રહેતા પરિવારોને મોડાસા જાયન્ટ્સ ગ્રુપ દ્વારા તાડપત્રી અને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં જાયન્ટ્સના પૂર્વ પ્રમુખ સુરેશ સોનીનો આર્થિક સહયોગ મળ્યો હતો.

ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારના બાળકો નજીકના બગીચામાં રમી રહ્યા હતા ત્યારે ઝાડ પડતા એક બાળક ફસાતા તેની બહેને બાળકને ઝાડની ડાળીઓમાંથી મહામુસીબતે બહાર કાઢતા દીકરીની હિંમતને પણ બિરદાવી હતી. આ સેવાયજ્ઞ કાર્યક્રમમાં જાયન્સ ટ્રસ્ટી નિલેશભાઈ જોષી, જાયન્સ પ્રમુખ નરેન્દ્રભાઇ પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ સોની, ભાવેશ જયસ્વાલ, પરેશભાઈ શાહ, મુકુન્દ શાહ હાજર રહ્યા હતા. જરૂરિયાતમંદ પરિવારોને ચોમાસુ આવી પહોંચ્યું છે ત્યારે જાયન્ટ્સનો સહારો મળતાં પરિવારોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

અરવલ્લીના મોડાસાનું જનસેવા કેન્દ્ર લોકોનું સેવાનું સેતુ બન્યું

મોડાસા, તા. ૪

સમગ્ર રાજયમાં કોરોનાનો વ્યાપ વધતા લોકડાઉનના સમયગાળા દરમિયાન આવશ્યક સેવાઓ સિવાયની તમામ કચેરીઓ બંધ કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ અને ગરીબ લાભાર્થીઓને યોજનાકીય સંક્રમણની અસર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળતા જિલ્લા કલેકટર કચેરી તેમજ તાલુકા કક્ષાના જનસેવા કેન્દ્ર બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ જૂન માસમાં અનલોક-વનના આરંભે જ જનસેવા કેન્દ્રો શરૂ કરવામાં આવતા વિવિધ યોજનાકીય

સહાયના પ્રમાણપત્ર આપતા જનસેવા કેન્દ્ર પણ બંધ હતા પરંતુ લોકડાઉન ખુલતા જ અરવલ્લીના મોડાસાના જનસેવા કેન્દ્રમાં જૂન માસ દરમિયાન ૨૫૦૦થી વધુ અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે.

અરવલ્લીમાં કોરોનાના સહાયની અરજીઓ તેમજ લાભાર્થીઓને લાભ મેળવવા માટે જરૂરીપ્રમાણપત્ર આપવાની કામગીરી હાથ ધરાઈ છે.

જેમાં અરવલ્લીના મોડાસાના જનસેવા કેન્દ્ર દ્વારા એક માસમાં રેશનકાર્ડમાં નામ કમી કરવા ઉમેરવા, ડુપ્લીકેટ, અલગ અને નવિન રેશનકાર્ડને લગતી ૬૭૪ તેમજ નિરાધાર વૃધ્ધ-દિવ્યાંગોને સહિતની સહાયની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો જયારે સિનિયર સિટીઝન, ઉંમર અને અધિનિવાસ, વારસાઈ, અનુસૂચિત જાતિ-જનજાતિ, બિન અનામત વર્ગના યોજનાકીય સહાયના લાભના પ્રમાણપત્ર આપવા સહિત અન્ય કામગીરી મળી કુલ ૨૫૯૨ સેવાઓ લોકોને જનસેવા કેન્દ્ર દ્વારા પુરી પડાતા અરવલ્લીનું મોડાસાનું જનસેવા કેન્દ્ર સાચા અર્થમાં સેવાનું સેતુ સાબિત થયું છે.